# કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કાલેજ
# આણંદ કૃષિ યુનિવર્સીટી,
# ગોધરા- ૩૮૯૦૦૧

કૃષિ ઇજનેરી અને ટેક્નલોજી મહાવિદ્યાલય , આ.કૃ.યુ., ગોધરા દ્વારા "G-20 summit 2023" અંતર્ગત જુદા જુદા વિષયો ઉપર કરવાના થતા કાર્યક્રમોમાં ***"key issue in urban transportation and development"*** વિષયને ધ્યાને લઈ ટાઉન પ્લાનિંગ અને વેલ્યુએશન વિભાગ, ગોધરાની મુલાકાતનું તેમજ આ વિષય પર વ્યાખ્યાન નું આયોજન તા. ૧૬/૦૬/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ હતો, મુલાકાત G-20 ની થીમ એટલે કે શહેરી પરિવહન અને વિકાસના (***urban transportation and development*** )મુખ્ય મુદ્દાને અનુરૂપ ખૂબ જ મહત્વ ધરાવે છે. જેમ આપણે જાણીએ છીએ કે બિનઆયોજિત પ્રવૃત્તિ ધ્યેય વિનાની સાબિત થાય છે અને કોઈ સારું કરવાને બદલે તે ઘણી બધી સમસ્યા ઊભી કરી શકે છે અને અરાજકતા તરફ દોરી શકે છે. શહેરી વસ્તી દર વર્ષે ૩ થી 4% ના દરે વધે છે. આથી ભાવિ વસ્તીને યોગ્ય રીતે સમાવવા માટે, લાંબા સમયથી નિષ્ક્રિય પડેલી ખેતી અને પડતર જમીનનું યોગ્ય આયોજન અને તેને રહેવા યોગ્ય બનાવવા, યોગ્ય દિશામાં ઔદ્યોગિક વિકાસ માટે રહેઠાણની જોગવાઈ કરવા, પરિવહન અને મજૂરોની જરૂરિયાતને પહોંચી વળવા સરકારશ્રી ની સંભંધિત કચેરીયો કઈ રીતે કામગીરી કરે છે , આ વિષયે વિદ્યાર્થિંયો ને માહિતી આપવા તેમજ તેમને એક જવાબદાર નાગરિક બનવા પ્રેરિત કરવાના હેતુથી આ આયોજન ખૂબ જ જરૂરી બની જાય છે. ઉદ્યોગોની સુવિધા માટે કોમર્શિયલ કોમ્પ્લેક્સની જોગવાઈ, વ્યવસ્થિત વિકાસ સુનિશ્ચિત કરવા માટે સ્વચ્છતાપૂર્ણ જીવન સુનિશ્ચિત કરવા માટે ટ્રાફિક અને સ્થળાંતર અને ઝૂંપડપટ્ટીના સુધારણા માટે રસ્તાઓની જોગવાઈ, બિલ્ડિંગ રેગ્યુલેશન્સ પણ વિકાસ યોજનાના ઘટકોમાંના એક તરીકે અનિવાર્ય છે. ઉપરોક્ત ચર્ચા કરાયેલા વિવિધ પાસાઓ વિષયે વિદ્યાર્થીઓને સંબંધિત વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ જોવા માટે પ્રેક્ટિકલ એક્સપોઝર પૂરું પાડવામાં આવેલ હતો, આ મુલાકાત વિદ્યાર્થિંયોને ભવિષ્યની જરૂરિયાતો માટે લાભદાયક વિષયના અનુભવ અને જ્ઞાનથી સમૃદ્ધ બનાવશે, એવું વિદ્યાર્થિંયોના પ્રતિભાવોથી જણાતું હતું. આ કાર્યક્રમ બેસિક ઈજેનરી અને અપ્લાઈડ સાઈન્સ વિભાગના વિભાગીય વડા તેમજ કન્વિનર શ્રી કપિલ મંડલોઈ, કો- કન્વિનર ઈજી. શ્રી રાજેશ ગોદાનીના દ્વારા હાથ ધરવામાં આવેલ હતો , સદર મુલાકાતમાં બી.ઈ.એ.એસ. વિભાગના શ્રી રીન્કેશ તળપદા પણ જોડાયા હતા. આ કાર્યક્રમ આચાર્ય અને ડીનશ્રી ડો આર. સુબેયાહ ના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતો વિસિટમાં મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થિંયોને ઉત્સાહભેર ભાગ લીધેલ હતો અને વિસિટ ના અંતે વિસિટ માટેની પરવાનગી આપનાર અધિકારીયો અને કર્મચારિયો ને ઊંડાણ પૂર્વક જ્ઞાન આપવા બદલ અભાર આપવામાં આવેલ હતો..


નગર નિયોજક ગોધરાની કચેરી
નગર આયોજન અને મુલ્યાંકન ખાતું
જિ.પંચમહાલ






BELIEVE

**************************************************************************************